# -:: <u>જાહેર નિવિદા</u> ::-

આથી રસ ધરાવતાં તમામ ઇસમોને જાણ કરવામાં આવે છે કે, અત્રેનાં કૃષિ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, તળાજા કેન્દ્ર પર રવિ - ૨૦૨૪ ઋતુમાં ઉત્પાદિત થયેલ ચણાનું ફોડર (અંદાજીત ૧૦૦ – ૧૨૦ મણ) પોતાનાં ખર્ચે વેચાણથી લઇ જવાના ભાવ **<u>બંધ કવરમાં</u>** આ કચેરીને તા. ૦૭/૦૫/૨૦૨૫ ના સાંજનાં પાંચ કલાક સુધીમાં ટપાલ / કુરિયર મારફત પોતાનાં નામ, સરનામાં મોબાઈલ નંબર સાથે પહોંચતાં કરવાનાં રહેશે.

ભાવ આપનારે હાજરમાં રહેલ બધુ જ ચણાનું ફોડર લઈ જવાનું રહેશે. ભાવ માન્ય રાખવો કે ન રાખવો તેની સત્તા, શ્રી મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, તળાજાને રહેશે.

૨૦ કિલોનાં ભાવ કવર પર પોતાનાં નામ, સરનામાં તથા ટેલીફોન / મોબાઇલ નંબર સાથે આપવાના તથા કવર પર "ચણા ફોડરના ભાવ" એમ લખવાનું રહેશે.

જા.નં. જુકૃયુ/મસંવૈ/ટેક-3/૧૫૫ - ૫૯/૨૦૨૫ તળાજા તા.૨૭/૦૪/૨૦૨૫

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક
કૃષિ સંશોધન કેન્દ્ર (લ. ડું.)
જૂ.કૃ.યુ. તળાજા

<u>નકલ સવિનય રવાનાં</u> :-

(૧) સંશોધન નિયામકશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ જાણ થવા સારૂં
(૨) નિયામકશ્રી, આઈ. ટી. સેલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારૂં
(૩) સ્થાનિક ઇસમો તરફ જાણ થવા સારૂં
(૪) અત્રેની કચેરી પરના નોટીસ બોર્ડ પર બહોળી પ્રસિધ્ધિ અર્થે
(૫) કાર્યાલય આદેશ ફાઇલે.

## -: **શરતો** :-

૧. ચણા ફોડરના ઉચા ભાવ ભરનારે તેના ભાવ મંજુર થયે રૂ. ૧000/- બીડ ડીપોઝીટ પેટે ભરવાના રહેશે. જે રકમ સંપૂર્ણ ફોડર લઈ જાય અને તેની ચૂકતે રકમ આવ્યા બાદ તુરંત વગર વ્યાજે પરત મળશે.

૨. ઉચા ભાવ ભરનારે ભાવ મંજુર થયે પુરેપુરી બીડ ડીપોઝીટની રકમ દિવસ-૨ માં ભરવાની રહેશે. ત્યારબાદ જ માંગણીદારને માલ લઈ જવા દેવામાં આવશે.

૩. કોઈ પણ સજોગોમાં ઉચા ભાવ ભરનાર બીડ ડીપોઝીટની રકમ દિવસ-૨ માં નહિ ભરે તો તેમની માંગણી કેન્સલ કરવામાં આવશે, તેની સામે ઇસમ વાંધો લઈ શકશે નહિ.

૪. ઉચા ભાવ ભરનારે ચણાનું ફોડર પોતાના ખર્ચે અને જોખમે પોતાના વાહનથી લઈ જવાની મુદત દિવસ-૫ ની રહેશે.

૫. સદરહુ ઉચા ભાવ મંજુર રાખવા કે ન રાખવા તેનો નિર્ણય આ કચેરીનો માન્ય રહેશે.

૬. ઉચા ભાવ ભરનારે તેનો માલ જાહેર રજા સિવાયના દિવસોમાં જ ઓફીસ સમય દરમ્યાન એટલે કે, સવારના ૮-00 થી સાંજના ૫-30 દરમ્યાન મુખ્ય દરવાજેથી લઈ જવાનો રહેશે.

૭. કોઈ પણ કુદરતી આફત કે અકસ્માતથી ઉચા ભાવ ભરનારના માલને કે માણસને નુકશાન થશે તો તેની કોઈ પણ જવાબદારી આ કચેરીની રહેશે નહિ.

૮. ઉચા ભાવ ભરનારે આ કચેરીના કર્મચારીની રૂબરૂમાં તેમના ખાલી તથા ભરેલા વાહનનો વજન કાંટો કરાવવાનો રહેશે, તેમજ વજન કાંટાનું બીલ માંગણીદારે ચૂકવવાનું રહેશે.

૯. ઉચા ભાવ ભરનારે દરેક વખતે થયેલ વજનની રકમ રોકડમાં / ચેકથી ચુકવવાની રહેશે. ત્યારબાદ બીજું વાહન ભરવા દેવામાં આવશે.

૧૦. ઉચા ભાવ ભરનારે સદરહુ માલ રાખ્યા પછી તેની સંપૂર્ણ જવાબદારી તેની જ રહેશે. સદરહું શરતોનું પાલન નહિ કરનાર ઉચા ભાવ ભરનારની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૧૧. સદરહું ઉચા ભાવ ભરનાર અંગે કોઈ પણ વાંધો કે, પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેનો આખરી નિર્યણ સંશોધન નિયામકશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢનો માન્ય રાખવાનો રહેશે.

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક
કૃષિ સંશોધન કેન્દ્ર (લ. ડું.)
જૂ. કૃ .યુ., તળાજા જી. ભાવનગર

<u>ચણા ફોડરનાં ભાવ</u>

પ્રતિ,
મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી
કૃષિ સંશોધન કેન્દ્ર (લ. ફ..)
જૂ.કૃ.યુ. તળાજા

વિષય : ચણા ફોડરના ભાવ ભરવા બાબત...

હું, નીચે સહી કરનાર,..........................................................................................આપની તારીખ: ૧૭/૦૪/૨૦૨૫ ની ચણા ફોડર વેચાણના ભાવ બંધ કવરમાં મંગાવવા અંગેની જાહેર નિવિદા પ્રમાણે કૃષિ સંશોધન કેન્દ્ર, તળાજાનાં ફાર્મ પરના ચણા ફોડરના ભાવ રૂ/..................(અંકે રૂપિયા ........................ ...........................................) (૨૦ કિલોનાં ભાવ) એ ખરીદવા માગું છું, તેમજ તેને સબંધીત તમામ શરતો મે વાંચી છે. જે મને મંજુર છે. અમારો ભાવ મંજુર થયે જણાવશોજી.

સહિ :........................................................

સ્થળ:

નામ:

તારીખ:

ગામ:

મોબઈલ:


<u>ચણા ફોડરનાં ભાવ</u>

પ્રતિ,
મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી
કૃષિ સંશોધન કેન્દ્ર (લ. ફ..)
જૂ.કૃ.યુ. તળાજા

વિષય : ચણા ફોડરના ભાવ ભરવા બાબત...

હું, નીચે સહી કરનાર,..........................................................................................આપની તારીખ: ૧૭/૦૪/૨૦૨૫ ની ચણા ફોડર વેચાણના ભાવ બંધ કવરમાં મંગાવવા અંગેની જાહેર નિવિદા પ્રમાણે કૃષિ સંશોધન કેન્દ્ર, તળાજાનાં ફાર્મ પરના ચણા ફોડરના ભાવ રૂ/..................(અંકે રૂપિયા ........................ ...........................................) (૨૦ કિલોનાં ભાવ) એ ખરીદવા માગું છું, તેમજ તેને સબંધીત તમામ શરતો મે વાંચી છે. જે મને મંજુર છે. અમારો ભાવ મંજુર થયે જણાવશોજી.

સહિ :........................................................

સ્થળ:

નામ:

તારીખ:

ગામ:

મોબઈલ: